**Extra No. 36**

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVII ]   THURSDAY, JANUARY 15, 2026 / PAUSHA 25, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી જાન્યુઆરી, ૨૦૨૬

નાણા વિભાગનું તારીખઃ ૧૬મી જાન્યુઆરી, ૨૦૨૫નું જાહેરનામું ક્રમાંકઃ (જીએચએન-૮)/જીએસટી-૨૦૨૫/એસ.૯(૧)(૬૩)/જીએસટી સેલ-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

**રાજેશ આર. રાઠોડ,**

સરકારના નાયબ સચિવ.

**NOTIFICATION**

***Regarding***

**Amendment to the Notification of the Government of Gujarat, Finance Department, No. (GHN-32) GST-2017/S.9(1)(2)-TH, Dated the 30th June, 2017, Notification No.11/2017-State Tax (Rate)**

**ગુજરાત સરકારના નાણા વિભાગનું તારીખઃ ૩૦મી જૂન, ૨૦૧૭નું જાહેરનામું ક્રમાંક: (જીએચએન-૩૨) જીએસટી-૨૦૧૭/એસ.૯(૧)(૨)-ઠ, જાહેરનામું ક્રમાંક. ૧૧/૨૦૧૭-રાજ્ય વેરો (દર)**

**સુધારવા સંબંધી**

**જાહેરનામું**

**નાણા વિભાગ**

**જાહેરનામું**

**ક્રમાંક. ૦૫/૨૦૨૫-રાજ્ય વેરો (દર)**

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી જાન્યુઆરી, ૨૦૨૫

**ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭.**

**ક્રમાંક: (જીએચએન-૮)/જીએસટી-૨૦૨૫/એસ.૯(૧)(૬૩)/જીએસટી સેલ:-** ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા)ની કલમ ૯ની પેટા-કલમો(૧), (૩) અને (૪), કલમ ૧૧ની પેટા-કલમ (૧), કલમ ૧૫-ની પેટા-કલમ (૫) અને કલમ ૧૪૮-થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, જાહેર હિતમાં તેમ કરવું જરૂરી છે તેવી ખાતરી થયેથી, માલ અને સેવા વેરા કાઉન્સિલની ભલામણોના આધારે, આથી, ગુજરાત સરકારના નાણા વિભાગના તારીખઃ ૩૦મી જૂન, ૨૦૧૭ના જાહેરનામા ક્રમાંક: (જીએચએન-૩૨) જીએસટી-૨૦૧૭/એસ.૯(૧)(૨)-ઠ, જાહેરનામું ક્રમાંક. ૧૧/૨૦૧૭-રાજ્ય વેરો (દર) માં, નીચેના વધુ સુધારા કરે છે:-

સદરહુ જાહેરનામામાં,-

(૧) સન ૨૦૨૫-ના એપ્રિલ મહિનાની ૧લી તારીખથી અમલમાં આવે તેમ, સ્પષ્ટીકરણને લગતા પરિચ્છેદ ૪માં,-

(ક) ખંડ (૩૫) કમી કરવો;

(ખ) ખંડ (૩૬)ને બદલે, નીચેનો ખંડ મૂકવો:-

"(૩૬) નાણાકીય વર્ષ માટે, "નિર્દિષ્ટ જગ્યા" એટલે,-

(ક) એવી જગ્યા જ્યાંથી પૂરવઠાકારે પાછલા નાણાકીય વર્ષમાં પ્રતિ યુનિટ પ્રતિ દિવસ સાત હજાર પાંચસો રૂપિયાથી વધુ અથવા તેના સમકક્ષ રહેઠાણના કોઇ યુનિટના પુરવઠાનું મૂલ્ય ધરાવતી 'હોટેલ રહેઠાણ' સેવા પૂરી પાડી હોય; અથવા

(ખ) એવી જગ્યા કે જેના માટે 'હોટેલ રહેઠાણ' સેવા પૂરી પાડતી રજિસ્ટર થયેલી વ્યક્તિએ, ૧લી જાન્યુઆરીના રોજ અથવા તે પછી અને પાછલા નાણાકીય વર્ષની ૩૧મી માર્ચ સુધીમાં એકરારનામું રજૂ કર્યું હોય, જેમાં સદરહુ જગ્યાને, નિર્દિષ્ટ જગ્યા જાહેર કરવામાં આવી હોય; અથવા

(ગ) એવી જગ્યા જેના માટે, રજિસ્ટ્રેશન અર્થે અરજી કરનાર વ્યક્તિએ, નોંધણી (રજિસ્ટ્રેશન) અરજી માટે સ્વીકૃતિ પહોંચ મળ્યાના પંદર દિવસની અંદર, સદરહુ જગ્યાને, નિર્દિષ્ટ જગ્યા તરીકે જાહેર કરતું એકરારનામું રજૂ કર્યું હોય";

(૨) એનેક્ષર ૬ પછી, નીચેના એનેક્ષર દાખલ કરવા: -

"એનેક્ષર ૭

રજિસ્ટર થયેલી વ્યક્તિ માટે એકરારનામાની પસંદગી કરવા બાબત

(જુઓ પરિચ્છેદ ૪(૩૬))

હોટલ રહેઠાણ સેવા પૂરી પાડતી રજિસ્ટર થયેલી વ્યક્તિ દ્વારા હકૂમત ધરાવતા જીએસટી સત્તાધિકારી સમક્ષ જગ્યાને "નિર્દિષ્ટ જગ્યા" જાહેર કરતું એકરારનામું.

સંદર્ભ નં.-

તારીખ:-

૧. હું/અમે ...................................(વ્યક્તિનું નામ) આથી, જાહેર કરીએ છીએ કે નાણાકીય વર્ષ..................(yyyy-yy)........... માટે મુકામ.............(સરનામું)................ખાતેની જગ્યા "નિર્દિષ્ટ જગ્યા" રહેશે.

૨. વધુમાં, હું/અમે સમજું છું /સમજીએ છીએ કે સદરહુ એકરારનામું ઉપર (૧)માં નિર્દિષ્ટ કરેલ સમગ્ર નાણાકીય વર્ષ માટે લાગુ પડશે અને ત્યાર પછીના નાણાકીય વર્ષને પણ લાગુ પડવાનું ચાલુ રહેશે સિવાય કે હું/અમે એનેક્ષર ૯-માં નિર્દિષ્ટ કરેલા ફોર્મેટમાં એકરારનામું રજૂ કરીને, જગ્યાને 'નિર્દિષ્ટ જગ્યા' તરીકે ન હોવાનું જાહેર કરું છું/કરીએ છીએ.

કાનૂની નામ:-

જીએસટીઇનઆઇએન:-

અધિકૃત સહી કરનારનું નામ:

અધિકૃત સહી કરનારની સહી:

(સ્વીકૃતિ પહોંચ મળ્યાની તારીખ)

નોંધ:

૧. રજિસ્ટર થયેલી વ્યક્તિએ, નાણાકીય વર્ષ માટે જગ્યાને 'નિર્દિષ્ટ જગ્યા' તરીકે જાહેર કરતું ઉપરોક્ત એકરારનામું, આગલા નાણાકીય વર્ષના જાન્યુઆરી મહિનાની ૧લી તારીખે અથવા તે પછી પરંતુ આગલા નાણાકીય વર્ષના માર્ચ મહિનાની ૩૧મી તારીખથી મોડું નહિ તેમ રજૂ કરવું જોઇશે.

૨. ઉપરોક્ત એકરારનામું, દરેક જગ્યા માટે અલગ રજૂ કરવું જોઇશે.

એનેક્ષર ૮

રજિસ્ટ્રેશન માટે અરજી કરતી વ્યક્તિ માટેના એકરારનામાની પસંદગી કરવા બાબત

(જુઓ પરિચ્છેદ ૪ (૩૬))

હકૂમત ધરાવતા જીએસટી સત્તાધિકારી સમક્ષ રજિસ્ટ્રેશન માટે અરજી કરતી વ્યક્તિ દ્વારા જગ્યાને "નિર્દિષ્ટ જગ્યા" તરીકે જાહેર કરતું એકરારનામું

સંદર્ભ નંબર:-

તારીખ:-

(૧) હું/ અમે ............................ (વ્યક્તિનું નામ) એઆરએન (અરજી સંદર્ભ નંબર) ............................... થી રજિસ્ટ્રેશન માટે અરજી કરી છે અને આથી, જાહેર કરીએ છીએ કે નાણાકીય વર્ષના અંત સુધી રજિસ્ટ્રેશનની અમલી તારીખથી મુકામ ........................................... (સરનામું)........................ ખાતેની જગ્યા, 'નિર્દિષ્ટ જગ્યા' રહેશે.

(૨) વધુમાં, હું/ અમે સમજું/ સમજીએ છીએ કે સદરહુ એકરારનામું, આગામી નાણાકીય વર્ષને પણ લાગુ પડશે સિવાય કે હું/ અમે એનેક્ષર ૯ માં નિર્દિષ્ટ કરેલા ફોર્મેટમાં એકરાર રજૂ કરીને, જગ્યાને 'નિર્દિષ્ટ જગ્યા" તરીકે ન હોવાનું જાહેર કરું છું/ કરીએ છીએ.

કાનૂની નામ:

અરજી સંદર્ભ નંબર (એઆરએન):-

પાન (PAN) નં.

અધિકૃત સહી કરનારનું નામ:

અધિકૃત સહી કરનારની સહી:-

(સ્વીકૃતિ પહોંચ મળ્યાની તારીખ)

નોંધ: ઉપરોક્ત એકરારનામું, દરેક જગ્યા માટે અલગ રજૂ કરવું જોઇશે.

એનેક્ષર ૯

એકરારનામાની પસંદગી ન કરવા બાબત

(જુઓ પરિચ્છેદ ૪ (૩૬) )

હકૂમત ધરાવતા જીએસટી સત્તાધિકારી સમક્ષ હોટલ રહેઠાણ સેવાના રજિસ્ટર્ડ પુરવઠાકાર દ્વારા જગ્યાને "નિર્દિષ્ટ જગ્યા" તરીકે જાહેર ન કરતું એકરારનામું

સંદર્ભ નંબર:-

તારીખ:-

૧. હું/અમે ................................... (વ્યક્તિનું નામ) આથી, જાહેર કરું છું/કરીએ છીએ કે નાણાકીય વર્ષ ........................................... (yyyy-yy) .............. માટે મુકામ ......................... (સરનામું) ......................... ખાતેની જગ્યા "નિર્દિષ્ટ જગ્યા" રહેશે નહિ.

૨. વધુમાં, હું/અમે સમજું છું/સમજીએ છીએ કે સદરહુ એકરારનામું ઉપર (૧)માં નિર્દિષ્ટ કરેલ સમગ્ર નાણાકીય વર્ષ માટે લાગુ પડશે અને ત્યારપછીના નાણાકીય વર્ષને પણ લાગુ પડવાનું ચાલુ રહેશે સિવાય કે હું/ અમે એનેક્ષર ૭ માં નિર્દિષ્ટ કરેલા ફોર્મેટમાં એકરારનામું રજૂ કરીને, જગ્યાને "નિર્દિષ્ટ જગ્યા" તરીકે જાહેર કરું છું/કરીએ છીએ.

કાનૂની નામ:

માલ અને સેવા વેરા ઓળખ નંબર (જીએસટીઆઈએન) / અરજી સંદર્ભ નંબર (એઆરએન):-

પાન (PAN) નં.

અધિકૃત સહી કરનારનું નામ:

અધિકૃત સહી કરનારની સહી:-

(સ્વીકૃતિ પહોંચ મળ્યાની તારીખ)

નોંધ:

૧. નાણાકીય વર્ષ માટે જગ્યાને 'નિર્દિષ્ટ જગ્યા' તરીકે ન હોવાનું જાહેર કરતું ઉપરોક્ત એકરારનામું, આગલા નાણાકીય વર્ષના જાન્યુઆરી મહિનાની ૧લી તારીખે અથવા તે પછી પરંતુ આગલા નાણાકીય વર્ષના માર્ચ મહિનાની ૩૧મી તારીખથી મોડું નહિ તેમ રજૂ કરવું જોઇશે.

૨. ઉપરોક્ત એકરારનામું, દરેક જગ્યા માટે અલગ રજૂ કરવું જોઇશે.".

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**ડૉ. નિસર્ગ જોશી,**

સરકારના નાયબ સચિવ.

----------

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2026.02.02 13:51:44 IST